# Shrutvaani

vol.8, June09













## દર્શનાત્ દુરિત ધ્વંસી, વન્દનાત્ વાંછિત પ્રદઃ ।
## પૂજનાત્ પૂરકઃ શ્રીનાં, જિનસાક્ષાત્ સુરદ્રુમઃ ॥

હે જીનેશ્વર દેવ !
આપનું **દર્શન** દુરિત - પાપનો નાશ કરે છે,
આપનું **વંદન** વાંછિતને આપે છે,
આપનું **પૂજન** બાહ્ય તેમજ આંતરલક્ષ્મી આપે છે તેથી ખરેખર!
આપ સાક્ષાત કલ્પવૃક્ષ જેવા છો.

### દર્શન કોનું અને શા માટે?

સવારમાં દેવાધિદેવ શ્રી તીર્થંકર પરમાત્માનું પવિત્ર દર્શન કરવું જોઈએ. તે જ પરમ કલ્યાણકારી અને મહામંગલકારી છે. પરમાત્મા અરીસા (દર્પણ) જેવા શુદ્ધ છે તેમાં આપણા આત્માનું પ્રતિબિંબ પડે છે અને દોષો - દુરગુણો રૂપી ડાઘ દુર કરવા માટે પ્રભુ દર્શન કરવા જવાનું છે. પ્રભુનું દર્શન મિથ્યાત્વાદિ પાપનો નાશ કરે છે અને સ્વર્ગ પ્રાપ્તિનો અને અંતિમ મોક્ષ પ્રાપ્તિનું કારણ બને છે. જે પથ્થરના દર્શન કરે છે તેને મૂર્તિના પત્થર સ્વરૂપે દર્શન થાય છે પરંતુ જે મૂર્તિને સાક્ષાત્ તદ્‌સ્વરૂપે પરમાત્મા નિહાળીને દર્શન કરે છે તેને આવા ઉત્તમોત્તમ - શ્રેષ્ઠ એવા વીતરાગ પરમાત્માના દર્શન થાય છે. દર્શન કરતી વખતે પ્રભુ પ્રતિમાના માધ્યમથી પ્રભુના સાધનામય ભવ્ય જીવનમાં ઊંડા ઉતરવું જોઈએ. પ્રભુના અનંત અદ્‌ભુત ગુણોમાં લયમય બનવું જોઈએ. તેથી અનંત ઉપકારોનું સ્મરણ થાય છે અને ભક્તિનો ભાવ જાગે છે.

### દર્શન કેવી રીતે કરવા ?

પ્રભુને ઓળખવા માટે પણ રોજ ધારી ધારીને સ્થિરતાપૂર્વક દર્શન કરો ! તેમ કરતાં કરતાં જરૂર પરમાત્માની સાચી ઓળખ થશે અને તમારું પોતાનું આત્મદર્શન થશે. અદ્‌ભુત પ્રેરણા અને પવિત્રતા મળશે. રોજ પ્રભુદર્શન વખતે 'મારા આત્માનું અસલી સ્વરૂપ પરમાત્મા જેવું છે' એ વિચાર ખાસ કરો !

### દર્શન માટે કોણ કેવી રીતે જાય ?

પોતાના ઘરમાં દેરાસર હોય તો પહેલાં ત્યાં દર્શન કરવા જવું અને પછી સંઘન દેરાસરે જવું.

### (૧) રાજા કેવી રીતે જાય ?

શ્રી જીનેશ્વર દેવોના ભક્ત રાજા - મંત્રી વિગેરે ચારે પ્રકારનું સૈન્ય, છત્ર, ચામરાદિ સામગ્રી સાથે સુંદર વસ્ત્ર, અલંકાર પહેરીને પરિવાર સાથે વાજતે ગાજતે વર્ષીદાન દેતા

*સ્વ ને બદલે સર્વનો વિચાર એજ ધર્મની શરૂઆત છે.*

ગરીબોને, યાચકોને અનુકંપાદાન દેતા, આડંબર સહિત દેરાસરે જાય એથી જૈન ધર્મની પ્રભાવના થાય અને ઉત્તમ જીવો આ દર્શનની રીત જોઈ જૈન ધર્મની પ્રશંસા અનુમોદના કરી કલ્યાણ સાધે - બોધિ બીજ - સમક્તિ પામે.

**(૨) સુખી શ્રીમંત વ્યક્તિ કેવી રીતે જાય ?**

ઉચિત વેષ, ખુલ્લા પગે, જયણાપૂર્વક પોતાના કુટુંબ પરિવાર સહિત પૂજન સામગ્રીના થાળ હાથમાં લઈને વાજિંત્રો વગાડતાં ગીતો ગાતા ગાતા જાય છે.

**(૩) સામાન્ય માણસો કઈ રીતે જાય ?**

તેઓ પણ ધોયેલા, સાંધા વિનાના શુદ્ધ વસ્ત્રો ધારણ કરીને, જયણાપૂર્વક નવકારમંત્રનું સ્મરણ કરતા યથાશક્તિ પુષ્પાદિ દ્રવ્ય લઈને જાય છે.

**(૪)** જયારે પૂજય આચાર્ય ભગવંતો પોતાના શિષ્ય પરિવાર સહિત શાસનની શોભા વધે તે રીતે સમૂહમાં જિનાલયે દર્શન માટે આવવું જોઈએ. આજના શેઠ-સાહુકારો ટાઈમના અભાવે મોટરોમાં બંધ બારણે કેટલાક સ્કુટરો કે સાયકલો ઉપર આવે છે તેથી શાસનની શોભા ન થાય. જયણા પળાય નહિ, પૂજાની જોડ અશુદ્ધ થાય. અનુકંપાદાન ન થાય માટે ઘર પણ જિનાલયથી નજીક રાખવાના છે. કયારેક ઘણા દૂર હોય અને સમયનો અભાવ હોય અને પૂજા કરવાની તીવ્ર ભાવના હોય તો તેના સાધનનો ઉપયોગ ન છૂટકે કરવા માટે જયણા રાખી છે.

---

અનંત સુખની શીતળ છાયડી, મુકી ભમ્યો હું ભવ વને,
અનંત દુઃખની વાટ મેં લીધી, શું કહું પ્રભુજી તને;
કરુણા સાગર હે વીતરાગી, માગું એક જ તારી કને,
ભવોભવ તાહરું શરણું હોજો, ભવસાગરથી તાર મને.

અજબ તાહરી મૂર્તિ નીહાળી, અમૃતરસનાં ઝરણાં વહે,
ચાંદશી સોહે સૂરત તાહરી, અનાદિ કર્મોનો બંધ હરે,
તેજ ભરેલા નયનો તારા, જુગ જુગ જુના ભાવ કહે,
એ જિનવરના દર્શન કરવા, દિલડું મારું ગદગદે.

***'અનુભવ' એટલે હોશિયાર માનવીએ પોતાની 'ભૂલ'ને આપેલું નવું નામ***

***જીવન એક કિનારો છે, મૃત્યુ એક મીનારો છે, ભગવાનની અષ્ટપ્રકારી પૂજા તો, જીવનનો એક સહારો છે... ભકિત કરતા છૂટે મારા પ્રાણ પ્રભુજી એવું માંગુ છુ........***

પૂજયની પૂજાથી પૂજક પણ પૂજય બને છે. ૧૮ દોષથી રહિત, સર્વગુણ સંપન્ન એવા શ્રી અરિહંત પરમાત્મા ત્રણે લોક માટે પૂજનીય બન્યા છે. આપણા આત્મા ઉપર અનંત અનુપમ એવો લોકોત્તર ઉપકાર છે.

**"ધન્ય ધન્ય શ્રી અરિહંતને રે જેણે ઓળખાવ્યો લોક સલૂણા,**
**તે પ્રભુની પૂજા વિના રે જનમે ગુમાવ્યો ફોક સલૂણા"**

સકલ ગુણોથી યુકત અને સકલ દોષોથી મુકત જો કોઈ હોય તો તે અરિહંત પરમાત્મા છે. જે અનંત ઉપકારના ભંડાર છે સર્વ તીર્થંકર દેવોએ માત્ર આપણાં સુખ દુઃખનો જ નહિ, સુખ દુઃખના કારણોનો પણ ગંભીરપણે વિચાર કરી જયાં અનંત અવ્યાબાધ સુખ છે, તે મોક્ષનો માર્ગ બતાવવાનો શ્રેષ્ઠ ઉપકાર કર્યો છે. એ મહાર ઉપકારનો કંઈક અંશે બદલો તે પરમતારકની પૂજાથી વાળી શકાય છે. અને પૂજાથી તારકો જેવા પૂજય પણ બની શકાય છે.

(૧) પ્રભુની પૂજા વખતે આપણને દાન-શીલ, તપ અને ભાવ આ ચારે પ્રકારના ધર્મોની ઉત્કૃષ્ટપણે એક સાથે આરાધનાનો લાભ મળે છે.

(૨) આઠે પ્રકારના અશુભકર્મનો ક્ષય થાય છે.

(૩) અહિંસાદિક વ્રતોના આંશિક પાલનનો લાભ મળે છે.

(૪) રાગદ્રેષાદિ મેલ ધોવાય છે અને પુણ્યાનું બંધી પુણ્ય બંધાય છે.

(૫) ગૃહસ્થ (શ્રાવક) જીવનમાં શ્રેષ્ઠધર્મ પ્રભુ પૂજા છે. નિષ્પાપ મુનિ જીવન પ્રાપ્ત કરવાનો ભાવ અને યોગ્યતા પ્રભુ પજાથી પ્રગટે છે. ભગવાન જિનેશ્વર દેવોની પુજાભક્તિ માટે ઈન્દ્રાદિ દેવો પણ દોડાદોડ કરે છે.

## શ્રી અરિહંતની પૂજા શા માટે કરવી જોઈએ ?

★ જગતમાં અરિહંત દેવ એ જ સાચા દેવ છે. અરિહંત દેવ સમાન અન્ય કોઈ ઉપકારી નથી કારણકે મોક્ષમાર્ગને સર્વપ્રથમ અરિહંત દેવ જ બતાવે છે. આથી કૃતજ્ઞતા વ્યક્ત કરવા અરિહંત દેવની પૂજા કરવી જોઈએ.

★ અરિહંત સમાન અન્ય કોઈ ગુણ નથી. અરિહંતની પૂજાથી ગુણોની પ્રાપ્તિ થાય છે. અરિહંતની પૂજા થી પૂર્વે બાંધેલા પાપકર્મનો ક્ષય થાય છે.

★ અરિહંતની પૂજાથી પુણ્યાનુબંધી પુણ્યનો બંધ થાય છે. વિઘ્નો દૂર થાય છે. મન ની પ્રસન્નતા પ્રાપ્ત થાય છે. અરિહંતન પૂજાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે.

***ધનને આપણે સાચવવું પડે છે જ્યારે ધર્મ આપણને સાચવે છે.***

# શ્રી જિનપૂજાની સાત શુદ્ધિ

શ્રાવકોએ રોજ શ્રી જિનેશ્વર દેવોની દ્રવ્યથી અને ભાવથી એમ ઉભય પ્રકારે પૂજા કરવી જોઈએ. અષ્ટપ્રકારની પૂજા એ દ્રવ્યપૂજા છે અને તેના કરનારે સાત પ્રકારની શુદ્ધિ જાળવવામાં પણ ઉપયોગવાળા બનવું જોઈએ. એને માટે ચોસઠ પ્રકારી પૂજામાં કહ્યું છે કે :-

"સાત શુદ્ધિ સમાચરીરે, પૂજીશું અમે રંગે લાલ"

આ સાત શુદ્ધિનાં નામો નીચે મુજબ છે :- (૧) અંગ (૨) વસન (૩) મન (૪) ભૂમિકા (૫) પૂજોપકરણસાર (૬) ન્યાયદ્રવ્ય (૭) વિધિ શુદ્ધતા આમ શુદ્ધિના સાત પ્રકાર

(૧) **અંગશુદ્ધિ :-** શરીર બરાબર શુદ્ધ થઈ રહે એટલા માપસર જળથી સ્નાન કરીને કોરા રૂમાલથી શરીરને બરાબર લૂછવું તથા નાહવાનું પાણી ઢોળતાં જીવ-જંતુની વિરાધના ન થાય એ ધ્યાનમાં રાખવું.

(૨) **વસ્ત્રશુદ્ધિ :-** પૂજા માટે પુરુષોએ બે વસ્ત્ર અને સ્ત્રીઓએ ત્રણ વસ્ત્ર તથા રૂમાલ રાખવો. પુરુષોએ મુખકોશ માટે રૂમાલ રાખવાનો નથી. પૂજા માટેનાં વસ્ત્રો સફેદ, ફાટયા કે બળ્યા વગરનાં તથા સાંધા વિનાનાં રાખવા. વસ્ત્રો હંમેશા ચોખ્ખા રહે તેમ કરવું. એ વસ્ત્રો પૂજાના કામ સિવાય બીજા કોઈપણ કામમાં વાપરવાં નહિ.

(૩) **મનઃશુદ્ધિ :-** જેમ બને તેમ મનને પૂજામાં સ્થિર કરવું. બીજું બધું તે વખતે ભૂલી જવું.

(૪) **ભૂમિશુદ્ધિ :-** દેરાસરમાં કાજો બરાબર લીધો છે કે કેમ તે જોવું. પૂજાનાં સાધનો લેવા-મૂકવાની જગ્યા પણ બને તેમ શુદ્ધ રાખવી.

(૫) **ઉપકરણશુદ્ધિ :-** પૂજાના માટે ઉપયોગમાં આવનારી ચીજો કેસર, સુખડ, બરાસ, પુષ્પ, ધૂપ, અગરબત્તી, દીવો, ચોખા, ફળ, નૈવેદ્ય વગેરે ઉચ્ચ પ્રકારનાં અને પોતાના પૈસાથી લાવેલા હોવા જોઈએ - જેમકે

**ચંદન :** નિર્મુળ-જીવજંતુ રહિત, પવિત્ર જમીનમાંથી કાઢેલું, ગાળેલું, ભરોસાપાત્ર માણસ દ્વારા પવિત્ર વાસણમાં લવાયેલું હોવું જોઈએ.

**કેસર :** અસલી કેસર વાપરવું જોઈએ પણ બનાવટી અપવિત્ર નહિ.

**બરાસ :** ભીમસેની જાતનું શુદ્ધ અને સુગંધિત વાપરવું જોઈએ.

**ધૂપ :** સુગંધી પદાર્થોમાંથી તૈયાર થયેલ શુદ્ધ દશાંગ-અગરબત્તી વગેરે.

**દીપ :** ગાય-ભેંસનું ઘી શુદ્ધ વાપરવું. વેજીટેબલ નહિ.

**ફૂલ :** અખંડ-સંપૂર્ણ ખીલેલા સુગંધીદાર અને જમીન ઉપર નીચે નહિ પડેલા તાજા ફૂલો પ્રભુને ચઢાવવા જોઈએ.

-- સફેદ ફૂલ ચઢાવવાથી શાંતિ મળે છે.

-- પીળા ફૂલ ચઢાવવાથી અભ્યુદય વધે છે.

-- રાતા ફૂલ ચઢાવવાથી કલ્યાણ મંગળ થાય છે.

-- પંચવર્ણી ફૂલ ચઢાવવાથી સર્વ જગ્યાએ સિદ્ધિ વિજય થાય છે.

ફૂલમાળા સોયથી પરોવાય નહિ અને હાર ન બનાવાય, હાર હાથથી ગુંથીને બનાવેલો હોવો જોઈએ.

**અક્ષત :** અખંડ જીવજંતુ રહિત ઉત્તમકોટિના ઉજ્જવલ હોવા જોઈએ.

**નૈવેદ્ય :** વિવધ પ્રકારની મીઠાઈઓ તાજી શુદ્ધ ઘી ની હોવી જોઈએ. પરંતુ બજારની વાસી અભક્ષ્ય અને ચોકલેટ ન મૂકવી જોઈએ.

**ફળ :** બદામ, સોપારી, કેળા, દાડમ, કેરી, નારંગી, નાળિયેર વગેરે ફળો જે સડેલા ન હોય અને પાકા હોય, કાચા નહિ તેમજ બહુ ગદગદી ગયેલા નહિ તેવા સ્વાદિષ્ટ ઉત્તમ પ્રકારના ફળો પ્રભુજીની સમક્ષ મૂકવા જોઈએ.

તે ઉપરાંત પૂજાની પેટી, થાળી, વાટકી, કળશ, દીવો, આરતી મંગળદીવો, ફૂલની છાબડી તથા અંગલૂંછણાં વગેરે ઉપકરણો પણ શુદ્ધ, સ્વચ્છ, ઉત્તમ અને ઉત્તમ વસ્તુના બનેલા ઘોબા વગરના હોવા જોઈએ.

( ૬ ) **દ્રવ્યશુદ્ધિ :-** પ્રભુજીની પૂજામાં ઉપયોગમાં આવનારું ધન, ન્યાય નીતિથી કમાયેલું હોય તો ભાવશુદ્ધિ સારી થાય છે. ન્યાયથી ઉપાર્જેલું ધન ન હોય તો મનની શુદ્ધિ દ્વારા ધનની શુદ્ધિ કરવી જોઈએ. અને પછી જ એ દ્રવ્ય પૂજામાં વાપરવું જોઈએ. જો સ્વદ્રવ્યથી પૂજા કરો તો ધનની મૂર્છા ટળે માટે દ્રવ્યશુદ્ધિ ખાસ જરૂરી છે.

( ૭ ) **વિધિશુદ્ધિ :-** સ્નાન કરીને શુદ્ધ ઊજળાં વસ્ત્ર પહેરી, પૂજાનાં ઉપકરણો લઈ, શુભ ભાવના ભાવતા જિન મંદિરે જવું. રસ્તામાં કોઈ અશુદ્ધ વસ્તુનો સ્પર્શ ન થઈ જાય એ ધ્યાનમાં રાખવું.

# શ્રી જિનદર્શન પૂજા વિધિ ક્રમ

(૧) પહેલી નિસીહિ બોલીને પ્રવેશ કરવો.

(૨) પરમાત્માનું મુખ દેખતાં હાથ જોડી "નમો જિણાણં" બોલવું.

(૩) પોતાના કપાળમાં કેશરનું તિલક કરવું. (આ કેશર જુદું હોવું જોઈએ)

(૪) અર્ધાવનત પ્રણામ કરીને ત્રણ પ્રદક્ષિણા કરવી. (નીચેનો દુહો બોલીને પ્રદક્ષિણા કરવી)

કાલ અનાદિ અનંતથી, ભમિયો બહુ સંસાર એ ભવભ્રમણ નિવારવા, પ્રદક્ષિણા દઉં ત્રણ વાર.

(૫) મધુર કંઠે સ્તુતિ બોલવી. (પુરૂષોએ ભગવાનની જમણી બાજુ અને બહેનોએ ભગવાનની ડાબી બાજુ ઉભા રહેવું.)

(૬) બીજી નિસીહિ બોલીને ગભારામાં પ્રવેશ કરવો.

(૭) પાણીનો કળશ કરવો.

(૮) પંચામૃતથી અભિષેક કરવો, શુદ્ધ જળથી સફાઈ કરવી.

(૯) અભિષેક વખતે ઘંટનાદ, શંખનાદ આદિ કરવું.

(૧૦) પબાસણ પર પાટ લૂછણાં કરવા. (પાટ લૂછણાં બે રાખવા)

(૧૧) પરમાત્માને ત્રણ અંગલૂછણાં કરવા. (અંગલૂછણાં સાફ અને મુલાયમ હોવા જોઈએ.)

(૧૨) બરાસથી વિલેપન પૂજા કરવી.

(૧૩) ચંદનપૂજા, પુષ્પપૂજા, ધૂપપૂજા, દીપકપૂજા ક્રમશઃ કરવી. (ધૂપપૂજા ગભારાની બહાર કરવી)

(૧૪) ચામર નૃત્ય કરવું, પંખો ઢાળવો.

(૧૫) શ્રી ભગવવાની સામે અરીસો ધરવો.

(૧૬) અક્ષતપૂજા, નૈવેદ્યપૂજા અને ફળપૂજા કરવી.

(૧૭) નાદપૂજા રૂપે ઘંટ વગાડવો.

(૧૮) ત્રીજી નિસીહિ બોલી, ત્રણ વાર ભૂમિ પ્રમાર્જન કરી ચૈત્યવંદન કરવું.

(૧૯) વિદાય થતાં સ્તુતિઓ બોલવી.

(૨૦) પૂજાના ઉપકરણો યથા સ્થાને મૂકવા.

(૨૧) પૂંઠ ન પડે તે રીતે બહાર નીકળવું.

(૨૨) અંગલૂછણાં અને પાટ લૂછણાં (ભેગા કરવા નહિ, સાથે ધોવા નહિ)

(૨૩) અંગલૂછણાં થાળીમાં રાખવા. જમીન પર પડી ગયા બાદ ફરીથી ભગવાન માટે વપરાય નહિ.

*સવારે ઉઠીને હાથને વંદન કરવાથી પાંચે તીર્થોને વંદના થાય છે.*

(૨૪) પૂજામાં સ્ટીલના સાધનો વપરાય નહિ. (સ્ટીલ કાંડા ઘડીયાળ પહેરવાથી પ્રભુનું અંજન નષ્ટ થાય છે.)

(૨૫) નમન ખૂબ પવિત્ર અને પૂજય છે. નાભિથી ઉપરના શરીર પર લગાડવું.

(૨૬) પ્રભુને મુખકોશ બાંધની અડકવું જોઈએ. શ્રી ભગવાનના ખોળામાં માથું મૂકાય નહિ. હાથ સિવાયનું આપણું શરીર પ્રભુજીને અડવું ન જોઈએ તથા કપડાં પણ અડવા ન જોઈએ.

(૨૭) પૂજાના કપડામાં સામાયિક, પ્રતિક્રમણ કે અન્ય પ્રવૃતિ ન કરવી.

(૨૮) ભગવાનની પૂજા અનામિકા આંગળી વડે કરવી અને કેસર નખને ન લાગે એ ધ્યાન રાખવું જોઈએ.

(૨૯) સીવેલા વસ્ત્ર ભગવાનની પૂજા માટે વપરાય નહિ. ખેસનો અષ્ટપડો મુખકોશ બાંધની પૂજા કરવી. આ વસ્ત્રો સ્વચ્છ હોવા જોઈએ. (કોઈના પહેરેલા વસ્ત્રો ન પહેરાય) પુરુષે માત્ર ધોતિયું અને ખેસ બે જ વસ્ત્ર પહેરવાં.

(૩૦) વર્તમાનમાં ઘણાં અષ્ટમંગલની કેસર પૂજા કરે છે પણ અષ્ટમંગલ તો અક્ષતથી પ્રભુજીની સન્મુખ સાથિઆની જેમ આલેખવાના છે.

(૩૧) યક્ષ-યક્ષિણી આદિની પૂજા અંગૂઠાથી છેલ્લે માત્ર કપાળ પર તિલક કરીને જ કરવી. તે કેસરથી ભગવવાની પૂજા કરાય નહિ. ભગવાનની પૂજા કરતાં કરતાં શ્રી સિધ્ધચક્ર યંત્રની અને શ્રી ગૌતમસ્વામીની સિધ્ધાવસ્થાની પ્રતિમાની પૂજા કરી શકાય. ગુરુમૂર્તિની પૂજા પ્રભુની પછી અને યક્ષિણીની પહેલા (પૂર્વે) કરવી જોઈએ.

(૩૨) દર્શન-ચૈત્યવંદન કરતાં પ્રભુ પ્રતિમાની ઓછામાં ઓછો ૯ હાથ અને વધુમાં વધુ ૬૦ હાથનો અવગ્રહ રાખવું (વચ્ચેનું અંતર) જો મદિર નાનું જ હોય તો આ એક હાથનું પણ અંતર અવશ્ય રાખવું.

(૩૩) ઉઘાડા માથે દર્શન કરવા જવાય નહિ. સ્ત્રીઓનું માથું તો હંમેશા સાડીથી ઢાંકેલું જ હોવું જોઈએ.

(૩૪) પાછળ ચૈત્યવંદન કરવા બેઠેલા કોઈને પણ આપણું શરીર આડું આવી જવાથી પ્રભુજીનાં દર્શનમાં અંતરાય ન થાય તેની કાળજી રાખીને યોગ્ય રીતે દર્શન કરવા ઊભા રહેવું જોઈએ.

(૩૫) પૂજાનાં વસ્ત્રોને બીજા વસ્ત્રોની સાથે ધોવાય નહિ, સૂકવાય નહિ અને રખાય પણ નહિ. એકવાર અંતરાયવાળી (એમ.સી.) સ્ત્રીએ ધોવાથી કે મળ-મૂત્રથી અપવિત્ર બનેલા પૂજાના વસ્ત્રો ફરીથી કદી પણ પૂજાના વસ્ત્રો તરત જ કાઢી નાખવાં જોઈએ. તેને વધુ વખત રખાય નહિ.

(૩૬) મુખકોશ બાંધ્યા વિના ભગવાનની નજીક જવાય નહિ. અંગ પૂજા થઈ ગયા પછી કારણ વિના પ્રભુજીની નજીક ઊભા રહેવાય નહિ. અંગપૂજા નિમિત્તે ગભારામાં રહેવું પડે ત્યાં સુધી મુખકોશ અવશ્ય બાંધેલો જ રાખવો જોઈએ.

(૩૭) મુખકોશ બાંધીને ગભારામાં દાખલ થયા પછી અંગપૂજા મૌનપણે કરવી. કોઈની સાથે બીનજરૂરી વાત થાય નહિ. પૂજાના દુહા મનમાં જ બોલવા જેથી બીજાને વિક્ષેપ ના પડે.

(૩૮) પક્ષાલ માટેના દૂધ, જળ વગેરે દ્રવ્યોમાં આપણાં હાથના આંગળા બોળાય નહિ. પૂજાના દ્રવ્યોને વિના કારણ સ્પર્શી ના શકાય. દૂધ-જળ વગેરે પૂજાનાં દ્રવ્યોને ઉઘાડાં મૂકી રખાય નહિ. પૂજાના દ્રવ્યો સામે ખુલ્લું મૂખ રાખીને બોલાય પણ નહિ. બોલવાથી તેમાં મુખમાંથી થૂંક ઉડીને પડવાનો સંભવ છે.

(૩૯) શ્રી દેરાસરમાં એઠા મોઢે જવાય નહિ, તેમજ ખાદ્ય-પદાર્થ લઈને તેમજ દવાઓ વગેરે (બામ-છિંકણી-તમાકુ) અનાહારી દવાઓ, ખીસામાં રાખીને અંદર જવાય નહિ. જે ખાસ ધ્યાનમાં રાખવું ભૂલથી પણ તે વસ્તુને લઈ ગયા તો તેને પરઠવી જોઈએ.

## પ્રદક્ષિણા

૧) પહેલી નીસીહિ બોલીને પ્રવેશ કરવો.

૨) પરમાત્માનું મુખ દેખતાં હાથ જોડી "નમો જિણાણં" બોલવું.

૩) પોતાના કપાળમાં કેશરનું તિલક કરવું. (આ કેશર જુદું હોવું જોઈએ)

૪) અર્ધાવનત પ્રણામ કરીને ત્રણ પ્રદક્ષિણા કરવી.

પ્રદક્ષિણા ફરતાં અને ફર્યા પછી પણ દેરાસરમાંથી આશાતના ટાળવા બનતું કરવું. પછી મૂળનાયક પ્રભુની સન્મુખ જઈ સ્તુતિના શ્લોકો બોલવા. પુરુષોએ જમણી અને સ્ત્રીઓએ ડાબી બાજુએ ઊભા રહેવું. સ્તુતિ બોલતી વખતે પોતાનું અર્ધું અંગ નમાવવું.

પ્રદક્ષિણાનો પ્રારંભ પરમાત્માની જમણી બાજુથી કરવો. પ્રદક્ષિણા દેવાથી ૧૦૦ વર્ષના ઉપવાસનું ફળ દર્શાવ્યું છે. પરમાત્માને કેન્દ્રમાં રાખીને પ્રદક્ષિણા ફરતા એક પ્રકારનું મેગ્નેટીક સર્કલ રચાય છે. એક વિદ્યુત વર્તુલ ઉભું થાય છે એ વર્તુલ ભીતરની કર્મવર્ગણાઓને છિન્ન ભિન્ન કરી નાખે છે. લખલૂટ કર્મો પ્રભુને પ્રદક્ષિણા કરતા નિર્જરી જાય છે. પ્રદક્ષિણા આરતી વિગેરે સૃષ્ટિ ક્રમે એટલે પ્રભુજીની જમણી બાજુએથી શરૂ કરવાનું જે વિધાન છે એમાં વિશ્વનો એક નિયમ પણ કામ કરે છે સૂર્ય - ચન્દ્ર - ગ્રહ - નક્ષત્ર - તારા વગેરે આખુ જ્યોતિષચક્ર પણ મેરૂપર્વતની આસપાસ જમણેથી ડાબી તરફ ફરે છે. તે રીતે ફરવાથી શરીરમાં રક્તસંચારની ગતિ પણ વધે છે અને રક્તની શુદ્ધિ થાય છે.

દુહો :-    કાળ અનાદિ અનંતથી, ભવ ભ્રમણનો નહિ પાર,
તે ભ્રમણ નિવારવા, પ્રદક્ષિણા દઉં ત્રણ વાર.

અર્થ :- અનાદિ અનંતકાળથી ચાર ગતિ રૂપ સંસારમાં પરિભ્રમણ કરી રહેલા આત્માનું ભવભ્રમણ ટાળવા માટે ચારે બાજુ પ્રદક્ષિણા કરવામાં આવે છે.

દુહો :-    ભમતીમાં ભમતા થકાં, ભવભાવઠ દૂર પલાય;
દર્શન જ્ઞાન ચારિત્ર રૂપ, પ્રદક્ષિણા ત્રણ દેવાય.

અર્થ :- જ્ઞાન, દર્શન અને ચારિત્ર આ ત્રણની સાધનાથી અનાદિકાળનું ભવભ્રમણ દૂર થાય તે માટે ભગવાનને ત્રણ પ્રદક્ષિણા આપવાની છે.

દુહો :-    દર્શન - જ્ઞાન - ચારિત્ર એ, રત્નત્રયી નિરધાર,
ત્રણ પ્રદક્ષિણા તે કારણે, ભવ દુઃખ ભંજણહાર.

અર્થ :- દર્શન - જ્ઞાન - ચારિત્ર સ્વરૂપ રત્નત્રયીને પામવા માટે પરમાત્માને ત્રણ પ્રદક્ષિણા કરવામાં આવે છે. મૂળનાયક પ્રભુજીની ત્રણે બાજુ દીવાલમાં સ્થાપના કરવામાં આવેલા મંગલ જિનબિંબો ને જોઈને આપણે સમવસરણમાં ફરી રહ્યા હોઈએ તેવી ભાવના જાગૃત કરવા પ્રદક્ષિણા આપવાની છે. પરમાત્માનું ગુંજન કરતા કરતા આપણા આત્માને આપણે પરમાત્મા સ્વરૂપ બનાવવાનો છે.

સમોવસરણમાં ભગવંત ચારે દિશામાં બિરાજમાન હોય છે. ગભારો સમવસરણ રૂપ મનાય છે. પ્રદક્ષિણા આપતી વખતે સમવસરણનો ખ્યાલ આવે તે માટે ગભારાની ભીંતની બહારના ભાગમાં ગોખલાઓમાં ત્રણે દિશામાં મૂળનાયક ભગવાનનાં નામના ૩ પ્રતિમાજી બિરાજમાન કરવામાં આવે છે.

દેરાસરમાં પ્રદક્ષિણા આપી શકાય તેવી વ્યવસ્થા ન હોય તો સ્નાત્રનાં ત્રિગડા ઉપર બિરાજમાન પ્રભુજીને ત્રણ પ્રદક્ષિણા આપવી જોઈએ. તે પણ શક્ય ન હોય તો જોડેલા બે હાથ ત્રણ પ્રદક્ષિણા દેતો હોઈએ તે રીતે ત્રણવાર ગોળ ગોળ ફેરવવા જોઈએ.

## અંગપૂજા

પ્રભુજીની અંગપૂજા કરતા પહેલા હાથ બરાબર ધોવા જોઈએ અને હાથ ધોયા પછી ધૂપવા જોઈએ. અંગપૂજા ના દ્રવ્યોને પણ ધૂપથી ધૂપી લેવા જોઈએ.

પક્ષાલ માટેના પાણીથી હાથ ધોવાય નહી. પબાસણ ઉપર તેમજ ન્હવણ જળની કુંડીમાં હાથ ધોવા નહી. પૂજાના દ્રવ્યોની શુદ્ધિ માટે -- પક્ષાલ માટેના દુધ, જળ વગેરે દ્રવ્યોમાં આપણાં હાથના આંગળા નખાય નહી. પૂજાના દ્રવ્યોને કારણ વિના અડાય નહી. અંગપૂજાના દ્રવ્યો આપણી નજીકમાં

રાખી તેની સામે ખુલ્લુ મુખ રાખી બોલાય નહી કેમકે બોલવાથી મુખમાંથી થુક ઉડીને તેમાં પડવાની સંભાવના છે. દુધ - જળ વિગેરે દ્રવ્યો ખુલ્લા મુકી રાખવાથી તેમાં ત્રસ જીવો અને કચરો પડે તેથી વિરાધના થાય - જયણાનું પાલન ન થાય.

**જિનમંદિરમાં પ્રભુજી અને આપણી વચ્ચે કેટલો અવગ્રહ (અંતર અથવા જગ્યા) રાખવો ?**

પ્રભુજી અને આપણી વચ્ચે આશાતના ટાળવા માટેના ઉચિત અંતરને અવગ્રહ કહે છે જે ત્રણ પ્રકારે છે.

(૧) જઘન્ય અવગ્રહ : પ્રભુજીથી નવ હાથ દુર રહીને ચૈત્યવંદન કરવું.

(૨) મધ્યમ અવગ્રહ : પ્રભુજીથી નવ (૯) હાથથી વધુ અને સાઈઠ (૬૦) હાથની અંદર રહી વંદના કરવી.

(૩) ઉત્કૃષ્ટ અવગ્રહ : પ્રભુજીથી સાઈઠ (૬૦) હાથ દુર રહીને વંદના કરવી.

જીનમંદિર નાનું હોય તો ઓછામાં ઓછો એક હાથનો અવગ્રહ તો જાળવવોજ જોઈએ.

ગભારામાં દાખલ થયા પછી અંગપૂજા મૌનપણે કરવી જોઈએ. ગભારામાં કોઈની સાથે વાત કરાય નહી. સવાલ જવાબ કરવાની જરૂર પડે તો પણ ઈશારાથી કરવું. અંગપૂજાના દુહા પણ મનમાં જ બોલવા જોઈએ. મુખકોશ બાંધીને બોલવાથી થુક ઉડવાથી મુખકોશ ભીનો થાય તેથી દુર્ગંધ થાય અને સંમુરિર્છમ જીવોત્પતિ થવાના કારણે મુખકોશ બાંધીને બોલવાથી જ્ઞાની પુરુષોએ ના કહી છે.

## અષ્ઠપ્રકારી પૂજાનો ક્રમ

અભિષેક પૂજા : અભિષેક પૂજાનું જૈન શાસનમાં અતિશય મહત્વ છે. દેવતાઓ પ્રભુનો જન્માભિષેક કરવા માટે દોડીને આવતા હોય છે. અઢાર અભિષેક, લઘુ શાંતિ સ્નાત્રમાં ૨૭ અભિષેક, અષ્ટોત્તરીમાં ૧૦૮ અભિષેક આમ વિગેરેમાં અભિષેક પૂજાનું મહત્વ સમજાયું છે.

### ન્હવણજળનો પ્રભાવ

-- જરાસંઘે ફેંકેલી જરાવિદ્યા ન્હવણજળથી ભાગી ગઈ.

-- શ્રીપાલ રાજા અને ૭૦૦ કોઢીયોનો કોઢનો રોગ એ અભિષેકજળથી દૂર થયો.

-- કોઢથી પીડાતા અભયદેવસૂરિજી પર અભિષેક જળ છાંટતા સ્વસ્થ થયા અને નવાંગી ટીકાકાર બન્યા.

-- ભગવાનનો જન્માભિષેક કરતી વખતે ૬૪ ઈન્દ્રો અસંખ્ય દેવો સાથે આવે છે. ઈન્દ્ર પોતાના પાંચ રૂપ બનાવે છે. માગધ, વરાદામ પ્રભાસ તીર્થ / ગંગા, સીઘું વિગેરે નદીના પાણીમાં ક્ષીર સમુદ્રનું પાણી ઉમેરી ભાવવિભોર બની અભિષેક કરે છે.

**ભક્તિયુકત શ્રાવક પહેલા કેસર - કપુર અને સર્વ ઉત્તમ ઔષધિઓ અને ચંદન વિગેરે મેળવીને પાણીને સુગંધીત કરે અને ત્યારબાદ તે પાણીથી ત્રિલોક ના નાથ શ્રી જીનેશ્વર દેવને અભિષેક કરે એમ 'શ્રાદ્ધદિન કૃત્ય' માં કહ્યું છે.**

પવિત્ર જળ, ગાયનું દુધ - દહી - ઘી - સાકર આમ પંચામૃતનો પક્ષાલ કરવો. પક્ષાલ કરતી વખતે બે હાથે કળશ ધારણ કરી બહુમાન પૂર્વક મૌનપણે મસ્તકથી અભિષેક કરવો. કળશને સહેજ નમાવવો એ **સમર્પણ**ની મૂદ્રા છે.

અભિષેક કરતી વખતે મનમાં ભાવના ભાવવી કે હે પરમાત્મન્ !

હે દેવાધિદેવ આપના દ્રવ્યમેલ અને ભાવમેલ આ બંન્ને ધોવાઈને સાફ થઈ ગયા છે પરંતુ હે નાથ! તને સ્નાન કરાવીને જલપૂજા દ્વારા હું મારા કર્મમેલને ધોઈને નિર્મળ બનું.

સંસાર વૃક્ષના ત્રણ મૂળિયા છે - અગ્નિ, સ્ત્રી અને સચિત્ત જળ. આ ત્રણેયના સંસર્ગથી મુક્ત બની શાશ્વત સુખનો સ્વામી બનું.

ઓ નિરંજન, નિરાકાર પ્રભુ તું તો અશરિરી છે. તને તો મેલ લાગવાનો જ નથી. તને સ્નાનની જરૂર નથી મને આત્માના એકેક પ્રદેશ ઉપર અનંતાઅનંત કર્મોના પોપડા બાઝ્યા છે આ મારી અભ્યતંર મલીનતાને દુર કરવા માટે તારી આ જળપૂજા કરવા આવ્યો છું. મને તું નિર્મળ કર, હું કર્મરહિત બનું એ જ પ્રાર્થના કરું છું. હે પ્રભુ અભિષેક તારો થાય છે પરંતુ શુદ્ધિ મારી થાય છે.

નમોર્હત્ સિધ્ધાચાર્યોપાધ્યાય સર્વ સાધુભ્ય - કહી કળશ હાથમાં રાખી જલપૂજાનો દુહો બોલવો.

★ જલપૂજા જુગતે કરો, મેલ અનાદિ વિનાશ.
જલપૂજા ફળ મુજ હોજો, માંગુ એમ પ્રભુ પાસ.

★ ૐ હ્રીં શ્રી પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ જરા મૃત્યુ નિવારણાય શ્રીમતે જીનેન્દ્રાય જલં પૂજા યજામહે સ્વાહા...

★ ૨૭ ડંકા વગાડવા - (૭ + ૭ + ૭ + ૨ + ૧ + ૨ + ૧)

★ જલપૂજા થઈ ગયા બાદ પરમાત્માનો અભિષેક કરવાનો છે. શુદ્ધ પાણીમાં દુધ, દહીં, ઘી, સાકર ભેળવીને પંચામૃત તૈયાર કરીને કળશમાં ભરીને પરમાત્માના મસ્તકેથી અભિષેક કરવો. જ્યારે મુળનાયક પરમાત્માનો અભિષેક થાય ત્યારે દેરાસરનું વાતવરણ આનંદ ઉલ્લાસથી છવાઈ જવું જોઈએ.

ગભારાની બહાર રહેલાઓ ઘંટનાદ - થાળી - મંજીરા - તાલીઓના વાદનથી દેરાસર ગુંજી જવું જોઈએ. બધા સાથે મળીને બોલે કે

★ મેરૂ શિખરે નવરાવે હો સુરપતિ, મેરૂ શિખર નવરાવે,
જન્મકાળ જિનવરજીકો જાણી, પંચરૂપ કરી આવે હો સુર.. ૧

રત્નપ્રમુખ અડજાતિના કળાશા, ઔષધિચૂરણ મિલાવે,
ખીરસમુદ્ર તીર્થોદક આણી, સ્નાત્ર કરી ગુણ ગાવે હો સુર.. ૨
એણિ પરે જિનપ્રતિમાકો ન્વહણ કરી, બોધિબીજ માનું વાવે,
અનુક્રમે ગુણરત્નાકર ફંરસી, જિન ઉત્તમપદ પાવે હો સુર.. ૩

## પાણીનો પક્ષાલ કરતા બોલવાનું કે

★ જ્ઞાન કલશ ભરી આતમા, સમતા રસ ભરપૂર,
શ્રી જિનને નવરાવતાં, કર્મ થાયે ચકચુર...

અભિષેક ની પ્રક્રીયા દ્વારા મારા હૃદય સિંહાસન પરથી મોહરાજાને ખસેડીને ત્રણલોકના નાથ પરમાત્માને બિરાજમાન કરી રહ્યો છું આવી ઉમદા ભાવના સાથે ભાવવી.

પરમાત્માની પ્રતિમાને શુદ્ધ જળથી સાફ કરવા ત્યારબાદ પાટ લુછણાં થી પબાસણને સાફ કરવું.

★ અંગલુછણા ધૂપથી ઉવેખવા.

★ પ્રથમ અંગલુછણું કરવું.

★ બીજા અંગલુછણાંથી હાથ અને પગના સાંધા - ખાંચા બરાબર સાફ કરવા.

★ ત્રીજા અંગલુછણાંથી પ્રતિમાજીને કોરા કરી દેવા.

## ચંદનપૂજા

આ પૂજા દ્વારા આપણો આત્મા ચંદન જેવો શાંત અને શીતળ બને છે. ચંદનપૂજા કરતા ભાવના ભાવવી કે...

હે પરમાત્મન્ ! મોહનીય કર્મનો નાશ કરીને આપે આત્મામાં શીતલતા પ્રસરાવી દીધી છે. પરંતુ હે મારા નાથ ! મારો આત્મા વિષય કે કષાયની અગ્નિથી સળગી રહ્યો છે. આપને આ ચંદનની શીતલતા અર્પીને મને આત્મિક શીતલતા-સૌમ્યતા અને સમતારસની શીતલતા આપો..

★ ચંદનપૂજાનો દુહો-

શીતલગુણ જેમાં રહ્યો, શીતલ પ્રભુ મુખ રંગ,
આત્મશીતલ કરવા ભણી, પૂજો અરિહા અંગ..

★ મંત્ર : ૐ હ્રીં શ્રી પરમપુરૂષાય પરમેશ્વરાય જન્મ જરા મૃત્યુ નિવારણાય પરમાત્મને શ્રીમતે જિનેન્દ્રાય ચન્દનં યજામહે સ્વાહા.. બોલી અને ૨૭ ડંકા વગાડવા.

આ પૂજામાં પ્રભુજીના ગુણોની વિચારણાથી વિષય કષાયની ગરમી દૂર કરવાનું ધ્યેય મુખ્ય છે. તેથી ચંદનપૂજા કહી છે. પરંતુ તેમાં ઉત્તમ સુગંધી દ્રવ્યોનું મિશ્રણ ઉનાળો-શિયાળો-ચોમાસુની ઋતુ પ્રમાણે કેસર, કપૂર, બરાસ વગેરે શક્તિ હોય તો કરવો જોઈએ. પરંતુ તેથી કેસરપૂજા

*સંસાર છે ત્યાં કોમ્પીટીશન છે અને શાસન છે ત્યાં કો-ઓપરેશન છે.*

નથી કહેવાતી. વધુ કેસર નાંખવાથી ગરમ હોવાને કારણે મૂર્તિ ઉપર ખાડાપડે છે માટે સહેજ નાંખવું જોઈએ.

## નવઅંગે પૂજા કરતા બોલવાના દુહા

**અંગૂઠાની પૂજાનો દુહો :-** (જમણા પગના અને ડાબા પગના અંગૂઠે)

જલ ભરી સંપુટ પત્રમાં, યુગલિક નર પૂજંત,
ઋષભ ચરણ અંગૂઠડે, દાયક ભવજલ અંત ............................................... (૧)

**ભાવના :-** હે પ્રભુ ! આપણા ચરણનો અંગૂઠો પૂજ્ય બન્યો, તે રીતે હું પણ આપની પૂજા દ્વારા યુગલિક મનુષ્યોની જેમ વિવેક અને નમ્રતા ગુણ મેળવીને પૂજ્ય બનું.

દુહાના પ્રથમ ચરણમાં કથની છે, પછી કરણી છે અને તેનો ઈતિહાસ પછી તેનું ફળ (પરિણામ) છે. જ્યારે કથની અને કરણી એક બને છે ત્યારે મોક્ષ ફળની પ્રાપ્તિ થાય છે તેમ ઉપા-યશોવિજયજી મ. કહ્યુ છે.

**જાનુ પૂજાનો દુહો :-** (બે ઢીંચણે)

જાનુ બળે કાઉસ્સગ્ગ રહ્યા, વિચર્યા દેશ-વિદેશ,
ખડાં ખડાં કેવળ લહ્યું, પૂજો જાનુ નરેશ. ................................................... (૨)

**ભાવના :-** હે પ્રભુ ! આપ જેમ ઢીંચણના બળ ઉપર ધીરજપૂર્વક કાઉસ્સગ્ગમાં ઉભા રહી કઠીન કર્મોનો ક્ષય કરી કેવળજ્ઞાન મેળવ્યું. તેમજ દેશ-વિદેશમાં વિહાર કરીને ભવ્યાત્માઓને પ્રતિબોધ્યા હું પણ તારી જેમ ચારિત્ર લઈ કર્મખપાવી કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને ભવ્યાત્માઓને પ્રતિબોબ કરું પછી બંને ઢીંચણે પૂજા કરવી.

**હવે બંને કાંડે (હાથે) પૂજાનો દુહો :-** (મણિબંધ પૂજા)

લોકાન્તિક વચને કરી, વરસ્યા વરસીદાન,
કરકાંડે પ્રભુ પૂજના, પૂજો ભવિ બહુમાન ............................................. (૩)

**ભાવના :-** હે પ્રભુ ! આપે આ હાથ વડે દીક્ષા લેતાં પહેલાં રોજના ૧ કરોડને આઠ લાખના હિસાબથી એક વર્ષમાં ત્રણસો અઠ્ઠયાસી કરોડ એંસી લાખ (૩,૮૮,૮૦,૦૦૦.૦૦) સોના મહોરનું દાન (૧ સોના મહોર = ૧૬ માસા પ્રમાણની, ૧ માસા = ૫ રતી X ૧૬ = ૮૦ રતી ભારની છે. દાન રોજ ૯ હજાર મણ (૪૦ મણ સોનું એક ગાડીમાં ભરે = ૨૨૫ ગાડા) ૪૮ હજાર સોનામહોર X ૨૨૫ = ૧ કરોડ ૮૦ લાખ ખાય.

દરેક સોનામહોર ઉપર તીર્થંકરનું અને તેમના માતા-પિતાનું નામ લખેલી સોનામહોર આવી રીતે દઈને ગતના દારિદ્રયનો નાશ કર્યો. એ રીતે મારું ભાવ દારિદ્રય દૂર થાઓ. તને પૂજતાં

મારી પરિગ્રહ (લોભ) સંજ્ઞાનો ઉચ્છેદ (નાશ) થાય અને હું તારી જેમ ચારિત્ર લઈને વર્ષીદાન આપુ જેથી મારે ચારે ગતિમાં ભટકવું ન પડે.

**સ્કંધ (ખભા) પૂજાનો દુહો :-**

માન ગયુ દોય અંશથી, દેખી વીર્ય અનંત,

ભૂજા બળે ભવજળ તર્યા, પૂજો ખંધ મહંત.. ................................................ (૪)

**ભાવના :-** હે પ્રભુ ! આપનું અનંતવીર્ય જોઈને આપના બંને ખભામાંથી માન તો ક્યાંય દુર ભાગી ગયુ અને આ ભુજાઓના બળથી આપ સંસાર સમુદ્રનો પાર પામી ગયા. માનવના જીવનના અભિમાનનું પ્રતિક ખભો છે. કેવળ તિરસ્કાર વૃતિ છે. તે ખભાથી ખબર પડે છે. પ્રભુ તારી સાથે ઉભા રહેવા છતાં મારું અભિમાન ન ગયું. તેથી તારી સામે નજર નાંખુ છું. "તું તો ઉપશમ રસનો દરિયો છે અને હું ક્રોધ કષાયનો ભરીયો છું" તારી પાસે અનંત શક્તિ હોવા છતાં ગર્વ નથી અને મને થોડું મળે છે છતાં ગર્વ થઈ જાય છે. તારી જેમ હું માનરૂપી અજગરને કયારે કાઢું એ ભવસમુદ્ર તરું - તેવી ભાવનાપૂર્વક પૂજા કરું છું.

**શિખા પૂજાનો દુહો :-**

સિદ્ધશિલા ગુણ ઊજળી, લોકાંતે ભગવંત;

વસિયા તીણ કારણ ભવી, શિર શિખા પૂજંત ................................................ (૫)

**ભાવના :-** હે પ્રભુ ! આપ કર્મોના બંધનથી મુકત થઈને ચૌદ રાજલોકના અગ્રભાગ - શિખર પર બિરાજમાન થયા છો, અને શાશ્વત સુખના ભોક્તા બન્યા છો. એ રીતે હું પણ આપની પૂજા દ્વારા મનના ભાવોને વિશુદ્ધ બનાવીને મોક્ષપદ મેળવું. અહીં શિખા એ ચોટી નથી. મનુષ્ય સંખ્યાતા છે. તેમાં તીર્થંકર ૨૪ છે. તે ઉષનિશ (શિખા) ૨૪ને હોય છે અને તે તીર્થંકર નામકર્મના પ્રભાવે છે.

**ભાલ (લલાટ) પૂજાનો દુહો :-**

તીર્થંકર પદ પુણ્યથી, ત્રિભુવન જનસેવંત;

ત્રિભુવન તિલકસમા પ્રભુ, ભાવતિલક જયવંત. ............................................. (૬)

**ભાવના :-** હે પ્રભુ ! તીર્થંકર નામકર્મ નામના પુણ્યથી ત્રણે ભુવનના લોકો આપની સેવા કરે છે, ત્રણ ભુવનના તિલક સમાન ભગવાન અરિહંત પરમાત્માના કપાળમાં રહેલું તિલક જયવંત રહો. તું ત્રણ જગતનો અધિપતિ નાયક છે તું કેવો જગતપૂજય બન્યો, જગ ચિંતામણી, જગનાહ, જગબંધવ તું બન્યો, તારા ચરણે આવેલા સર્વ જીવો ઉપર અપાર કરૂણા વરસાવી શાનરસિક બનાવી મોક્ષ અપાવી દઉં. જે જગતના જીવ માત્રનું રક્ષણ કરે. માટે તું જગગુરુ છે તારા જેવા થવા માટે, તીર્થંકર નામકર્મની નિકાચના કરવા માટે કપાળે તિલક કરું છું.

તારા જેવી ઋદ્ધિ-સિદ્ધિવાળો - અષ્ટપ્રાતિ હાર્યયુક્ત - અતિશયોથી શોભતો બીજો કોઈ નથી માટે પૂજા કરું છું.

### પ્રભુના કંઠની પૂજા કરતી વખતે દુહો બોલવો :

સોળ પ્રહોર પ્રભુ દેશના, કંઠે વિવર વર્તુલ,
મધુર ધ્વનિ સુર નર સુણે, તિણે ગળે તિલક અમૂલ

**ભાવના :-** હે પ્રભુ ! તારા કંઠે હું પૂજા એટલા માટે કરું છું કે તે ૧૨।। વર્ષ મૌન પાળ્યું અને કેવળજ્ઞાન થયા પછી દેશના કંઠથી આપી ત્રિપદી આપી. દ્રાદશાંગીની રચના થઈ, તારા ધ્વનિ (અવાજ)માં શું તાકાત છે કે ક્રોડ કલ્યાણ થઈ જાય. જગતના જીવનું શ્રેય અને કલ્યાણ માટે અંતિમ દેશના પણ ૧૬ પ્રહોર સુધી વરસાવી, તારા સ્વાર્થ માટે તેં પ્રત્યેક અંગનો ઉપયોગ નથી કર્યો પરંતુ ઉપકાર માટે કર્યો છે. તેવી રીતે હું પણ ક્યારે સાધુ થઈને તારા જેવી દેશના કંઠથી સંભળાવું. તે માટે વાણીની ઉપાસના છે. તારા જેવી હિત - મિત - પથ્ય, અતુચ્છ, ગર્વરહિત અને સત્યવાણી ક્યારે સંભળાવીશ અને મુક્તિસાધક વાણી બોલવા માટે ક્યારે સંસાર વર્ધકવાણીનો ત્યાગ કરીશું માટે પૂજા કરું છું.

### પ્રભુના હૃદયે (છાતી) પૂજા કરતી વખતે બોલવાનો દુહો :-

"હૃદય કમળ ઉપશમ બળે, બાળ્યા રાગને રોષ,
હિમ દહે વન ખંડને, હૃદય તિલક સંતોષ"

**ભાવના :-** જેમ હિમથી વનખંડ બળી જાય છે તેવી રીતે હૃદયરૂપી કમળે ઉપશમના બળે. રાગ-દ્રેષને બાળી નાંખ્યા, તેવા હૃદયને સંતોષ માટે પૂજા કરવી જોઈએ. હૃદય ઉપર જે ટેકરો છે શ્રીવત્સનું પ્રતિક છે. તે તીર્થંકર સિવાય કોઈને પણ ન હોય. તારું હૃદયરૂપી કમળ તે ઉપશમદશ છે. તેના પાંદડા કેવા જાણે ઉપશમના દર્શન થાય છે. હૃદયમાં રહેલું કેવળજ્ઞાન તે ઉપશમથી સર્વકર્મને બાળી નાંખ્યા, તો તું આ અવસ્થાને પામ્યો તેમ મારા હૃદયમાં પણ કેવળજ્ઞાનની જયોત પ્રગટે તે માટે હૃદયે પૂજા કરું છું. મારા હૃદયે ઘણાં પાપો રાચી-માચી અને નાચીને કર્યા છે તેના પ્રાયશ્ચિત માટે, નિવારણ માટે, શુદ્ધિ માટે હૃદયે પૂજા કરું છું.

### પ્રભુની નાભિએ પૂજા કરતી વખતે દુહો :

"રત્નત્રયી ગુણ ઉજળી, સકલસુગુણ વિશ્રામ,
નાભિકમલની પૂજના, કરતાં અવિચલ ધામ."

**ભાવના :-** હે પ્રભુ ! જેમ સારાય શરીરની રચનાનું મૂળ નાભિ છે, દરેક નાડી અને નસો નાભિમાંથી નીકળે છે તેમ આખી દ્રાદશાંગીની રચનાનું મૂળ આપ છો. નાભિ પૂજાથી શ્રુતજ્ઞાનની શ્રદ્ધા, પરિણતિ પ્રાપ્ત કરવાની ભાવના ભાવું છું. ઉજ્જવળ ગુણવાળી રત્નત્રયી કે જે સર્વસુગુણના

વિશ્રામરૂપ છે. શરીરમાં મધ્યસ્થાન નાભિ છે. તેમ સકળ ગુણોની ઉત્પત્તિનું સ્થાન રત્નત્રયી છે. નાભિમાં આઠ રુચક પ્રદેશ જ્ઞાનના, ગાયના આંચળની જેમ કાયમ જીવમાત્રમાં ખુલ્લા હોય છે. તું જેવું સત્ય પામી ગયો તેવું મારે પામવું છે. માટે નાભિ એ પૂજા કરવી જોઈએ. જે થી મોક્ષની પ્રાપ્તિ થાય.

- નવ અંગે પૂજા કરવાથી તેનું ચિંતન, ભાવના ભાવવાથી મનની મલિનતા, ચંચળતા દુર થશે. અને મન સ્વચ્છ - સ્વસ્થ - સ્થિર બનશે અને એકાગ્રતા આવશે.
- અનામિકા આંગળીથી પૂજા કરતાં મૂર્તિનો સ્પર્શ કરીએ છીએ પરંતુ વાસ્તવિક તો અંતરમાં સ્પર્શ કરવાનો છે. અને અનામિ, અધામી અને અકામી બનવા માટે અનામિકાથી પૂજા કરવાની છે. જેમકે નાગકેતુ પુષ્પપૂજા કરતાં કરતાં કેવળજ્ઞાન પામી ગયા.
- છેલ્લા નવ અંગે પૂજા થયા પછી દશમો દુહો ફકત બોલવાનો છે. ભાવના ભાવવાની છે પરંતુ પૂજા નથી કરવાની...

### દુહો :-

ઉપદેશક નવતત્ત્વના, તેણે નવ અંગ જિણંદ,
પૂજો બહુવિધ ભાવશું, કહે શુભવીર મુણિંદ.

**ભાવના :-** હે પ્રભુ ! આપે નવતત્ત્વનો ભવ્ય ઉપદેશ આપ્યો, જે તત્ત્વમાં સમગ્ર વિશ્વનો વિચાર, વિશ્વની વ્યવસ્થાનો સમાવેશ કરવામાં આવ્યો છે. આપના નવઅંગોની પૂજા કરવાના પરિણામે મને પણ જીવ-અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ નવતત્ત્વનું યથાર્થ જ્ઞાન થાઓ જેથી મારું સમ્યગ્દર્શન દૃઢ અને નિર્મળ થાય અને તારી જેમ ક્ષાયિક ભાવોને પામું.

ચંદન પૂજા કર્યા પછી શુદ્ધ પાણીથી હાથ ધોઈને પુષ્પ પૂજા કરવી.

નમોહ્ર્હત્ - સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્યઃ કહૂ દુહો મંત્ર બોલવો.

### પુષ્પપૂજાનો દુહો :-

સુરભિ અખંડ કુસુમ ગ્રહી, પૂજો ગત સંતાપ,
સુમજંતુ ભવ્ય જ પરે, કરીએ સમકિત છાપ. ............................................... (૩)

**મંત્ર :-** ૐ રીમ શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરા મૃત્યુ નિવારણાય શ્રીમતે જિનેન્દ્રાય પુષ્પાણિ યજામહે સ્વાહા.

**ભાવના :-** ઉપરનો દુહો અને મંત્ર બોલ્યા બાદ આ પુષ્પ જેવું સુંદર, શુદ્ધ અને પરાગવાળું છે તેવું જ મારું મન પણ સુંદર, શુદ્ધ અને ભાવસુગંધથી વિશિષ્ટ બનો. પુષ્પો વાસી-

બીડાયેલી, કીડીવાળા અને જીવજંતુ વાળા ન હોવા જોઈએ પરંતુ તાજા સુગંધીદાર અને સુંદર આકૃતિવાળા, સંપૂર્ણ ખીલેલા હોવા ખાસ જરૂરી છે. તો ભાવના સુંદર આવે અને ફળ પણ કુમારપાળ મહારાજાની જેમ મળે.

"પાંચ કોડીને ફુલડે, પામ્યા દેશ અઢાર,
કુમારપાળ રાજા થયાને વર્ત્યો જય જયકાર"

નરદેવ નોકરના ભવમાંથી રાજા થયા અને જિનભક્ત બન્યા કે જેથી તેમને પરમાર્હત્નું બિરુદ મળ્યું. અને આરતી ઉતારતા ગણધર નામકર્મ બાંધીને સમાધિ મરણ પામ્યા. અને આવતી ચોવીશીના પ્રથમ તીર્થંકર પદ્મનાભ (શ્રેણિક) પ્રભુના ગણધર થશે. પ્રથમ અહીં પરમાત્માની અંગપૂજા (જળ-ચંદન-પુષ્પ) પૂર્ણ થઈ તેને વિઘ્નોપશામિની પૂજા અથવા સમન્તભદ્રા પૂજા પણ કહેવાય છે.

# RECEIPE

## રાબ - ઘઉંના લોટની

જાડી પિત્તળની તપેલીમાં બે ચમચી ઘી ગરમ કરવું. તેમાં ૧ ટેબલસ્પૂન ગુંદર તળવો. ગુંદર તળાઈ જાય એટલે તેમાં જ ૧ ટેબલસ્પૂન ઘઉંનો લોટ શેકવો. ઘી ઓછું લાગે તો નાખવું. લોટ શેકાય એટલે તેમાં તરત જ એક ગ્લાસ પાણી નાખવું. વધારે બનાવવી હોય તો પાણી વધારે નાખી શકાય. પછી પ્રમાણસર સૂંઠ-પીપરામૂળનો પાવડર, બબ્બે ચમચી નાખવો, ખાંડ નાખવી અને ત્યારબાદ ઉકળવા દેવું. છેલ્લે ફોડેલી બદામની કાતરી અને લીલા અથવા સૂકા કોપરાનું ખમણ નાખવું. રાબ ટેસ્ટ મુજબ જાડી-પાતળી બનાવી શકાય. ખાંડની જગ્યાએ ગોળ પણ વાપરી શકાય. ટેસ્ટ મુજબ સૂંઠ-પીપરામૂળ નાંખવા.

## સૂંઠ-પીપરામૂળની ગોળી

એક વાસણમાં થોડું ઘી ( ૩ થી ૪ ચમચી જેટલું ) ૧૦૦ ગ્રામ ગોળ ગરમ કરવો. ગોળ ગરમ થાય અને ઓગળી જાય એટલે નીચે ઉતારી લેવું. તેમાં સૂંઠ અને પીપરામૂળનો પાવડર નાખવો. કઠણ થાય અને ગોળી વળે એટલો નાખવો. જો થોડો મોળો લાગે તો થોડી દળેલી સાકર નાખવી. નાની-નાની ગોળી વાળી રાખવી. આ ગોળી પારણામાં વાપરી શકાય. અને ઠંડીની સીઝનમાં બહારગામ બનાવીને લઈ જઈ શકાય. રાબની સગવડ થાય એમ હોય તો ઘી માં ઘઉંનો લોચ શેકીને અંદર પાણી નાખવું. અને તેમાં આ ગોળીના ટુકડા કરી ઉકાળવું. રાબ તૈયાર થઈ જશે.

## શેકેલી શીંગની ચટણી

રીત : ૧૦૦ ગ્રામ શેકેલી શીંગ ફોતરા કાઢી નાખવા, ૫૦ ગ્રામ તલ શેકીને નાખવા, ૫૦ ગ્રામ કાશ્મીરી મરચું નાખવું. પ્રમાણસર મીઠું તથા સંચળ નાખવા. મિકસરમાં અધકચરો ભૂકો કરવો અને બોટલમાં ભરી લેવું.

## લીંબુની ચટણી

રીત : ૪ થી ૫ નંગ કૂકરમાં ચાળણી મૂકી બાફવા. બહાર કાઢી પછી બીયા કાઢી બારીક સમારવા. ૨૫૦ ગ્રામ જેટલો ગોળ બારીક સમારવો. કડાઈમાં ૨ ટેબલસ્પૂન તેલનો વઘાર કરવો. તેલમાં ૧ ચમચી રાઈ, ૧ ચમચી હીંગ નાખી, ૫૦ ગ્રામ ધાણાના કુરીયા નાખી શેકવા. તેમાં સમારેલો ગોળ નાખવો. ગોળ બધો ઓગળી જાય એટલે લીંબુના ટુકડા નાખી નીચે ઉતારી લેવું. પ્રમાણસર મીઠુ, ૧ ચમચી હળદર અને કા. લાલ મરચું નાખવું. ગળપણ વધુ નાખવું હોય તો દળેલી ખાંડ નાખવી. આ લીંબુની ચટણી ફ્રીજમાં રાખવી. ----- આ પ્રમાણે લીલા આંબળાની ચટણી પણ બનાવી શકાય.

## ચણાના લોટની ચટણી

રીત : કડાઈમાં તેલ મૂકી ૧ ચમચી રાઈનો વઘાર કરવો. હીંગ નાખવી. બે-ત્રણ લીલા મરચાના ટુકડા નાખવા. તરત જ ૧ કપ પાણી નાખવું. એક સરખું હલાવવું. સહેજ મીઠુ અને હળદર નાખવા. હલાવવું. ઘટ્ટ થાય એટલે ઉતારી લેવું. તાજી-તાજી આ ચટણી ગાંઠીયા - ફાફડા કે કચોરીમાં પણ વાપરી શકાય.

## તીખી ચટણી

મિકસરમાં દાળીયાનો પાવડર બનાવવો. તેમાં સહેજ મીઠુ, સહેજ સંચળ, લીંબુ અને સફેજ મરચાંનો પાવડર નાખી પાણી નાખી ચટણી બનાવવી. ફુદીનાનો પાવડર પણ નાખી શકાય.

## ગળી ચટણી

૧ ચમચો કેરીનો છૂંદો, થોડો ગોળ અને બે આંબોળિયા નાખી કૂકરમાં પાણી નાખી બાફવું. પછી મિકસરમાં વાટવું. વાટતી વખતે લાલ મરચું, ૧ ચમચી ધાણા જીરું પાવડર નાખવો. સહેજ મીઠું નાખવું. કેરીનો છૂંદો ન હોય તો ગોળ-કેરીનું અથાણું વાપરી શકાય.

ટીપ્સ :- (૧) ઉનાળાની સીઝનમાં કારેલાં ધોઈને સૂકવવા. કડક થઈ જાય એટલે એર ટાઈટ બોટલમાં ભરી લેવા. દરરોજ બે-ત્રણ કારેલાના ટુકડાં તુવેરની દાળ બનાવતી વખતે, તુવેરની દાળ ધોતી વખતે નાખવા. કુકરમાં સાથે જ બાફવા. બ્લેન્ડર ફેરવી લેવું. દાળનો ટેસ્ટ ખૂબ જ સારો લાગશે. (૨) ધાણાજીરું બનાવતી વખતે ધાણાજીરા પાવડરમાં ૪ કીલો આખા ધાણા, ૧ કીલો જીરું, ૫૦ તજ, ૫૦ ગ્રામ લવિંગ અને ૫૦ ગ્રામ મરી નાખીને દળવાથી ધાણાજીરુંની સુગંધ આવશે. દાળ-શાકમાં સ્વાદ સારો આવશે. (૩) તજ-લવીંગનો પાવડર બનાવી રાખવો. પાતરા બનાવતી વખતે ૧ ચમચી પાવડર ચણાના લોટમાં નાખવો (૪) વરીયાળી-મરીનો પાવડર બનાવી રાખવો. કાચા કેળાના શાકમાં પા ચમચી પાવડર નાખવો.

# JAIN PANCHAANG – અષાઢ 2065 – SYDNEY NSW AUSTRALIA

*(From 23rd June 2009 till 22nd July 2009)*

| Tithi | Date | Sunrise | Navkarshi Time | Porshi Time | Sad Porshi Time | Sunset |
|---|---|---|---|---|---|---|
| Aashadh - Sud 1 | Tuesday, 23 June 2009 | 7:00 AM | 7:48 AM | 9:28 AM | 10:42 AM | 4:54 PM |
| Aashadh - Sud 2 | Wednesday, 24 June 2009 | 7:00 AM | 7:48 AM | 9:28 AM | 10:42 AM | 4:54 PM |
| Aashadh - Sud 3 | Thursday, 25 June 2009 | 7:01 AM | 7:49 AM | 9:29 AM | 10:43 AM | 4:54 PM |
| Aashadh - Sud 4 | Friday, 26 June 2009 | 7:01 AM | 7:49 AM | 9:29 AM | 10:43 AM | 4:55 PM |
| Aashadh - Sud 5 | Saturday, 27 June 2009 | 7:01 AM | 7:49 AM | 9:29 AM | 10:43 AM | 4:55 PM |
| Aashadh - Sud 6 | Sunday, 28 June 2009 | 7:01 AM | 7:49 AM | 9:29 AM | 10:43 AM | 4:55 PM |
| Aashadh - Sud 8 | Monday, 29 June 2009 | 7:01 AM | 7:49 AM | 9:29 AM | 10:44 AM | 4:56 PM |
| Aashadh - Sud 9 | Tuesday, 30 June 2009 | 7:01 AM | 7:49 AM | 9:29 AM | 10:44 AM | 4:56 PM |
| Aashadh - Sud 10 | Wednesday, 1 July 2009 | 7:01 AM | 7:49 AM | 9:30 AM | 10:44 AM | 4:57 PM |
| Aashadh - Sud 10 | Thursday, 2 July 2009 | 7:01 AM | 7:49 AM | 9:30 AM | 10:44 AM | 4:57 PM |
| Aashadh - Sud 11 | Friday, 3 July 2009 | 7:01 AM | 7:49 AM | 9:30 AM | 10:44 AM | 4:57 PM |
| Aashadh - Sud 12 | Saturday, 4 July 2009 | 7:01 AM | 7:49 AM | 9:30 AM | 10:44 AM | 4:58 PM |
| Aashadh - Sud 13 | Sunday, 5 July 2009 | 7:01 AM | 7:49 AM | 9:30 AM | 10:44 AM | 4:58 PM |
| Aashadh - Sud 14 | Monday, 6 July 2009 | 7:00 AM | 7:48 AM | 9:29 AM | 10:44 AM | 4:59 PM |
| Aashadh - Sud 15 | Tuesday, 7 July 2009 | 7:00 AM | 7:48 AM | 9:29 AM | 10:44 AM | 4:59 PM |
| Aashadh - Vad 1 | Wednesday, 8 July 2009 | 7:00 AM | 7:48 AM | 9:30 AM | 10:45 AM | 5:00 PM |
| Aashadh - Vad 2 | Thursday, 9 July 2009 | 7:00 AM | 7:48 AM | 9:30 AM | 10:45 AM | 5:00 PM |
| Aashadh - Vad 3 | Friday, 10 July 2009 | 7:00 AM | 7:48 AM | 9:30 AM | 10:45 AM | 5:01 PM |
| Aashadh - Vad 4 | Saturday, 11 July 2009 | 6:59 AM | 7:47 AM | 9:29 AM | 10:45 AM | 5:02 PM |
| Aashadh - Vad 5 | Sunday, 12 July 2009 | 6:59 AM | 7:47 AM | 9:29 AM | 10:45 AM | 5:02 PM |
| Aashadh - Vad 6 | Monday, 13 July 2009 | 6:59 AM | 7:47 AM | 9:30 AM | 10:45 AM | 5:03 PM |
| Aashadh - Vad 7 | Tuesday, 14 July 2009 | 6:58 AM | 7:46 AM | 9:29 AM | 10:44 AM | 5:03 PM |
| Aashadh - Vad 8 | Wednesday, 15 July 2009 | 6:58 AM | 7:46 AM | 9:29 AM | 10:45 AM | 5:04 PM |
| Aashadh - Vad 9 | Thursday, 16 July 2009 | 6:58 AM | 7:46 AM | 9:29 AM | 10:45 AM | 5:04 PM |
| Aashadh - Vad 10 | Friday, 17 July 2009 | 6:57 AM | 7:45 AM | 9:29 AM | 10:45 AM | 5:05 PM |
| Aashadh - Vad 11 | Saturday, 18 July 2009 | 6:57 AM | 7:45 AM | 9:29 AM | 10:45 AM | 5:06 PM |
| Aashadh - Vad 12 | Sunday, 19 July 2009 | 6:56 AM | 7:44 AM | 9:28 AM | 10:44 AM | 5:06 PM |
| Aashadh - Vad 13 | Monday, 20 July 2009 | 6:56 AM | 7:44 AM | 9:28 AM | 10:45 AM | 5:07 PM |
| Aashadh - Vad 14 | Tuesday, 21 July 2009 | 6:55 AM | 7:43 AM | 9:28 AM | 10:44 AM | 5:08 PM |
| Aashadh - Vad 15 | Wednesday, 22 July 2009 | 6:55 AM | 7:43 AM | 9:28 AM | 10:44 AM | 5:08 PM |

** Australia Eastern Daylight Time for Sydney, NSW, Australia*

***Important tithi:***

- *Aashadh - Sud 14 (6th July)* : *Chaumasi Chaudas*